ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0



## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

# જિલ્લામાં વન વિસ્તાર ૨,૪૯૬ હેક્ટર છે : વનમંત્રી

**ગાંધીનગર શહેર-તાલુકામાં ૭૧ શિક્ષકોની ઘટ છે : શિક્ષણમંત્રી : પંચાયતમાં વર્ગ-૩ની ૩૪ અને વર્ગ-૪ની ૧૧ જગ્યા ખાલી : પંચાયત મંત્રી**

ગાંધીનગર જિલ્લામાં ૩૧-૧૨-૧૭ની સ્થિતિએ વન વિસ્તાર ૨,૪૯૬ હેક્ટર છે અને છેલ્લા બે વર્ષમાં તેમાં કોઈ ઘટાડો નોંધાયેલ નથી તેમ રાજ્યના વનમંત્રી ગણપતભાઈ વસાવાએ માણસાના કોંગીના ધારાસભ્ય સુરેશભાઈ પટેલના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

વનમંત્રીએ જણાવ્યુ છે કે રાષ્ટ્રીય વન નીતિ ૧૯૮૮ પ્રમાણે સમગ્ર દેશના ભૌગોલિક વિસ્તારના એક તૃતિયાંશ ભાગ વૃક્ષ આચ્છાદિત કરવાનો ધ્યેય છે. આ ધ્યેયને જિલ્લાકક્ષાએ કે સ્થાનિક સ્તરે વિભાજીત કરી શકાય નહિ. વન વિસ્તાર વધે તે માટે વનીકરણની વિવિધ યોજનાઓ પણ અમલમાં મુકવામાં આવેલ છે.

- **શાળાઓનું મંજૂર મહેકમ**

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ગાંધીનગર તાલુકો અને ગાંધીનગર શહેરની પ્રા. શાળાઓમાં મંજૂર થયેલ મહેકમને લઈ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર તાલુકામાં ૧૫૩ પ્રા. શાળાઓ માટે ૧૨૩૧ શિક્ષકોનું મહેકમ મંજૂર થયેલ છે. જ્યારે શહેરની ૩૩ શાળા માટે ૨૬૨ શિક્ષકોનું મહેકમ મંજૂર થયેલ છે.

ડૉ. ચાવડાએ પુછેલા એક અન્ય લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે તાલુકામાં છેલ્લા બે વર્ષમાં ૫૧ શિક્ષકો નિવૃત્ત થયા છે અને ૩૮ની ઘટ છે. તો શહેરમાં નિવૃત્ત થનાર શિક્ષકોની સંખ્યા ૨૭ અને શહેરમાં ૩૩ શિક્ષકોની ઘટ છે. શહેર અને તાલુકામાં મળી કુલ ૭૧ શિક્ષકોની ઘટ છે. તાલુકામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન ૨૩ શિક્ષકોની ભરતી કરવામાં આવેલી છે. શહેરમાં એક પણ શિક્ષકની ભરતી કરવામાં આવી નહિ હોવાનું પણ તેમણે જણાવ્યુ છે.

- **નામાંકન દર**

ભાજપના ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરે જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ નોંધાયેલ નામાંકન દર અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં નામાંકન દર ૯૮.૯૪ ટકા રહેવા પામેલ છે.

નામાંકન દર વધે તે માટે સરકારે જિલ્લામાં ૪ શાળાઓને સ્માર્ટ સ્કૂલ તરીકે વિકસાવવામાં આવી છે. જિલ્લામાં ૭૭ શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ થકી સ્માર્ટ વર્ગખંડો વિકસાવવામાં આવ્યા છે. કે.જી.બી.વી. અંતર્ગત કન્યાઓ માટે નિવાસી શાળાની સુવિધા પણ ઉભી કરવામાં આવી છે.

મંત્રીએ જણાવ્યુ છે કે રાજ્ય સરકારે લીધેલા વિવિધ પગલાંઓને કારણે ગાંધીનગર જિલ્લામાં પ્રારંભિક સ્તરે ૨૦૦૨-૦૩માં ૮૨.૮૯ ટકા હતો જે ૨૦૧૬-૧૭માં વધીને ૯૮.૯૪ ટકા થયો છે.

- **પ્રા. શાળામાં સુવિધા**

કોંગીના ધારાસભ્ય સુરેશભાઈ પટેલના એક લેખિત પ્રશ્નના

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર જિલ્લા પંચાયતનું બજેટ મંજુર

**સૌના સર્વાંગી વિકાસ માટે ૧૮ કરોડની પુરાંત ધરાવતુ બજેટ પંચાયતની સામાન્ય સભામાં મંજૂર : ડ્રાફ્ટ બજેટમાં ૨૭ કરોડની પુરાંત સામે સભ્યોએ નવ કરોડના સુધારા સૂચવ્યા : જિલ્લામાં બેરોજગારોને રોજગારીલક્ષી તાલિમ માટે ૧૦ લાખની જોગવાઈ : ડ્રોપ ઈરીગેશન પૂરક સહાય માટે પાંચ લાખ, ટી.બી. દર્દીના ન્યુટ્રીશ્યન માટે પાંચ લાખ તેમજ મમતા કીટ માટે ૫૦ લાખની જોગવાઈ : સભ્યોને વિસ્તાર વિકાસ માટે ૨૦ લાખ ફાળવવામાં આવ્યા**

ગાંધીનગર, તા. ૨૬



ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરે આજે રજુ કરેલ ૨૭ કરોડથી વધુ પુરાંતવાળા ડ્રાફ્ટ બજેટમાં રૂ. ૯ કરોડના વિવિધ સુધારાઓ સાથે રૂ. ૧૮ કરોડની પુરાંત ધરાવતુ બજેટ સામાન્ય સભાએ મંજૂર રાખેલ છે. જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરે આજે રજુ કરેલા ડ્રાફ્ટ બજેટમાં પંચાયતની આવક મર્યાદિત હોવા છતાં જિલ્લામાં સંતુલિત વિકાસ માટેનો પ્રયાસ કરી આરોગ્ય, કૃષિ, પશુપાલન તેમજ શિક્ષણમાં વિવિધ જોગવાઈઓ કરવામાં આવી હોવાનો દાવો કર્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે સ્વચ્છતા અભિયાન માટે પણ વિશેષ જોગવાઈ કરવા ઉપરાંત કર્મચારી કલ્યાણ માટે પણ ખાસ જોગવાઈ કરવામાં આવી છે.

તેમણે જણાવ્યુ હતુ કે મહિલા-બાળ વિકાસ માટે રૂ. ૪૬.૦૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે. આંગણવાડી કેન્દ્રો માટે પ્રોત્સાહન તેમજ સાધન ખરીદી માટે રૂ. ૬ લાખની જોગવાઈ, કુપોષિત બાળકો માટે ૮ લાખ, આંગણવાડીના રીપેરીંગ માટે ૧૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. સ્માર્ટ આંગણવાડી માટે ૧૨ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

તેમણે જણાવ્યુ હતુ કે આ ડ્રાફ્ટ બજેટમાં સિંચાઈ ક્ષેત્રે ૬૫ લાખની તેમજ કૃષિક્ષેત્ર માટે ૨૫.૮૫ લાખની જોગવાઈ કરવામાં આવે છે. આ ઉપરાંત ડ્રીપ ઈરીગેશન સીસ્ટમ માટે પૂરક સહાય માટે રૂ. પાંચ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લા પંચાયત સંચાલિત શાળાઓની કન્યાઓને સેનેટરી નેપકીન આપવા માટે રૂ. પાંચ લાખની જોગવાઈ કરવા ઉપરાંત શૈક્ષણિક સાધન સામગ્રી પુસ્તકો માટે ૪ લાખ, બાળકોને રમત-ગમત અને પૂરક પ્રવૃત્તિ માટે ૩ લાખ તેમજ શાળા મરામત માટે ૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## સામાન્ય સભામાં બળદેવજી ઠાકોરના પ્રમુખની ગાડીને લઈ આકરા વેણ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખની ગાડીને લઈ આજે ધારાસભ્ય બળદેવજી ઠાકોરે આકરા વેણ તંત્રને સંભળાવ્યા હતા.

તેમના આ આકરા વેણ એ કોંગ્રેસની આંતરિક જૂથબંધીને પણ છતી કરતા હતા. તેમણે કહ્યુ કે પ્રમુખની ગાડીને અકસ્માત થયે એક વર્ષ થયુ. તેમની ખાનગી ગાડીમાં તેઓ ફરે છે. તેની લોગ બુક મેઈન્ટેઈન થતી નથી છતાં તેનુ ચુકવણુ કરવામાં આવી રહ્યુ છે એ વાત સમજાતી નથી. તેમણે જણાવ્યુ હતુ કે ખાનગી ગાડીના ઉપયોગ માટે તંત્રએ સરકારની મંજૂરી માંગી છે કે કેમ ?

અણિયાળા સવાલો સાથેના આકરા વેણથી સભાગૃહમાં સન્નાટો છવાઈ જવા પામ્યો હતો. જો કે આ પછી તેમણે બજેટની જોગવાઈઓને આવકારી અને પ્રમુખને અભિનંદન પણ આપ્યા હતા.

# જિલ્લા પંચાયતમાં સભ્યોએ સામુહિક રીતે તંત્રને ઘેરી પ્રશ્નોનો મારો ચલાવ્યો

**પ્રા. શાળાના ઓરડાઓ નહિ બનાવવાની ફરિયાદને પગલે બળદેવજી ઠાકોરે કહ્યુ 'ભગવાન તમને માફ નહિ કરે'**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે તંત્ર દ્વારા દાખવવામાં આવતી ઉદાસીનતા સામે શાસક અને વિપક્ષના સભ્યોએ તડાપીટ બોલાવી હતી.

જિલ્લા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં સભ્યોએ આરંભથી જ આક્રમકતા દાખવી હતી. એક તબક્કે તો તંત્ર પણ મૌન બની ગયુ હતુ. જિલ્લા પંચાયતના આઉટ સોર્સિંગના કર્મચારીઓને ઓછો પગાર ચુકવી થતા તેમના શોષણને લઈ કોંગી સભ્ય બેચરજી ઠાકોરે આક્રમક આરંભ કર્યો હતો.

તેમણે જણાવ્યુ કે સાત મહિના પૂર્વે યોજાયેલ સભામાં આ મુદ્દે તપાસ કરી અને અહેવાલ આપવાની વાત પછી આજ દિન સુધી તેમને જવાબ આપવામાં આવ્યો નથી. તેમના આ મુદ્દાનો જવાબ આપ્યા બાદ જ સભા શરૂ કરવામાં આવે તેવી માંગ કરી હતી.

ઘડીભર તંત્ર પણ મૌન બની ગયુ હતુ. આ પછી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે સભ્યની લેખિત રજુઆત પછી પણ જવાબ આપવામાં ઉદાસીન તંત્ર સભ્યના અધિકાર પર તરાપ મારી રહ્યુ હોય તેવુ લાગે છે તેવો આક્ષેપ કર્યો હતો.

જિલ્લા વિકાસ અધિકારીએ આ મુદ્દે દરમ્યાનગીરી કરતાં જણાવ્યુ હતુ કે એકાઉન્ટ ઓફિસરને આની તપાસ સોંપવામાં આવી છે અને એક મહિનામાં તપાસ પૂર્ણ કરી સભ્યશ્રીને જવાબ આપી દેવાશે. જો કે સભ્યોએ આ મુદ્દે અસહમતિ દર્શાવતાં સમયગાળો ઘટાડવાની વાત કહેવામાં આવી હતી.

હજુ આ પ્રશ્ન પૂર્ણ પણ થયો

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં આકરી ગરમીનો આરંભ

**શહેરમાં પારો ૪૦ ડિગ્રીએ પહોંચ્યો : ચૈત્ર માસના પ્રારંભે વધતી ગરમી : રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગરમી વધી**

ગાંધીનગર, તા. ૨૬

ચૈત્ર માસના પ્રારંભે આકરી ગરમીનો આરંભ થયો છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીએ પહોંચતા કાળઝાળ ગરમીનો અહેસાસ થયો હતો.

ઉનાળો જેમ જેમ આગળ વધી રહ્યો છે તેમ તેમ ગરમી રૌદ્ર રૂપ ધારણ કરી રહી છે. હજુ તો માર્ચ મહિનો પૂર્ણ થયો નથી ત્યાં જ ગરમીએ રૌદ્ર રૂપ ધારણ કરી લીધુ છે. આજે ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીએ પહોંચ્યુ હતુ. મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીએ પહોંચતા વસાહતીઓએ પંખા, કુલર અને એસી ફુલસ્પીડે ચલાવવા શરૂ કરી દીધા છે.

રાજ્યના મોટાભાગના શહેરોમાં આજે ગરમી વધી હતી. મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી કે તેની આસપાસ નોંધાતા સૌ કોઈ આકરી ગરમીમાં શેકાયા હતા.

ગાંધીનગર વૃક્ષ આચ્છાદિત હોવા છતાં ગરમીની અસરથી બચી શક્યુ નથી. મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રીએ પહોંચતા વસાહતીઓ પરસેવે રેબઝેબ બની ગયા હતા. વહેલી સવારથી જ સૂર્યનો તડકો આકરો બની રહે છે. ગરમી એટલી બધી લાગે છે કે બપોરે વસાહતીઓ ઘરની બહાર નીકળવાનુ ટાળે છે. અનિવાર્ય સંજોગોમાં જો ભરબપોરે દ્વિચક્રી વાહન પર ઘરની બહાર નીકળવુ પડે તો વાહનચાલકોને ફરજિયાત મોઢે રૂમાલ બાંધવો પડે છે. અને મોજા પહેરવા પડે છે. ગરમી વધતા ઠંડાપીણા અને આઈસક્રીમની માંગમાં વધારો થયો છે. સાથે જ રૂમાલ, દુપટ્ટા અને ટોપી જેવા ગરમીથી રક્ષણ આપતા વસ્ત્રોની માંગમાં વધારો થયો છે. આગામી દિવસોમાં હજુ આકરી ગરમી પડશે તેવી આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે.




શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત




રુક્મિણીજીની ભગવાન શ્રીકૃષ્ણ સાથેની
અરુણાચલ પ્રદેશથી ગુજરાત સુધીની ચિરંતન યાત્રાનો ઉત્સવ
એટલે માધવપુરનો ભાતીગળ લોકમેળો

મુખ્ય કાર્યક્રમ : તા. ૨૭.૩.૨૦૧૮ના રોજ સાંજે ૫.૦૦ કલાકે

ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય તથા રમતગમત,
યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ અને પ્રવાસન વિભાગ, ગુજરાત સરકાર દ્વારા આયોજીત
માધવપુર (ઘેડ)ના દરિયાકિનારે ૧૨મી સદીના અતિપ્રાચીન માધવરાય મંદિરના સાંનિધ્યમાં યોજાનાર
આ લોકમેળામાં ભારતના બે પ્રદેશો, પશ્ચિમમાં ગુજરાત અને ઉત્તર-પૂર્વના અરુણાચલ પ્રદેશ-મણિપુર
તથા અન્ય રાજ્યોના કલાકારો સંગીત, કલા, નૃત્ય દ્વારા
સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાના દર્શન કરાવતા વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો રજૂ કરશે

તા. ૨૫ થી ૨૮ માર્ચ, ૨૦૧૮ સુધી દરરોજ સાંજે ૫.૦૦ કલાકે
સ્થળ : માધવપુર (ઘેડ), જિલ્લો : પોરબંદર, ગુજરાત



શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

આવો, આપણે સૌ ભારતીય સંસ્કૃતિના દર્શન કરાવતા માધવપુરના મેળામાં ભાગીદાર બનીએ... - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર તથા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ તેમજ પ્રવાસન વિભાગ, ગુજરાત સરકાર


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com